રવિવાર તા. ૨૧-૭-૨૦૨૪

GUJARAT TODAY ગુજરાત ટુડે



# રિન્યુએબલ એનર્જીમાં દેશનો ગોલ ૫૦૦ ગીગા વોટ્સનો વડાપ્રધાને નક્કી કર્યો છે તે જોતા વધુ સપોર્ટની અપેક્ષા

## જીએસટીમાં હાલ ૧૮ અને ૧૨ ટકાનો સ્લેબ છે તે નવા બજેટમાં ઘટાડીને ૫ ટકાનો સ્લેબ થાય તો રિન્યુએબલ એનર્જી સેક્ટરને વધુ ફાયદો થશે : ડો ફારૂક પટેલ

સુરત, તા.૨૦

વર્ષ ૨૦૩૦માં રિન્યુએબલ એનર્જીમાં દેશનો ગોલ ૫૦૦ ગીગાવોટ્સનો પ્રધાનમંત્રી મોદીએ નક્કી કર્યો છે તે જોતા વધુ સપોર્ટની અપેક્ષા છે. જીએસટીમાં હાલ જે ૧૮ અને ૧૨ ટકાનો સ્લેબ છે તે નવા બજેટમાં ઘટાડીને ૫ ટકાનો સ્લેબ થાય તો રિન્યુએબલ એનર્જી સેક્ટરને વધુ ફાયદો થશે અને નક્કી ગોલને પણ આસાનીથી પામી શકાશે. આઈપીપીના બિઝનેસ પણ ફાયદો તો થશે. સોલાર અને વિન્ડ સેક્ટરને અત્યારસુધી સરકારે ઘણાં ફાયદા આપ્યા છે. સસ્ટેન ગ્રોથ તો આગળના ભાગમાં જોવા મળશે, ઘણાં સ્કીલ પ્રોગ્રામ પૈકી ઉન્નત ભારત મુવમેન્ટ, પણ ઉપયોગી થઈ પડશે. બીજું કે પાછલા બજેટમાં પીએલઆઈ મેન્યુફેક્ચરિંગમાં અને પ્રોડક્શન માટે પણ૧૯૦૦૦ કરોડ રૂપિયા આપ્યા છે તે સારૂ છે પણ વધુ એગ્રેસીવ જવું જોઈએ. આપણે રિન્યુએબલ એનર્જી સેક્ટર ડેવલપમેન્ટમાં વિશ્વમાં ત્રીજા નંબરના પાવર કન્ઝ્યુમ કરનારા છે. કાર્બન નેટ ઝીરો તરફ આપણે આગળ વધવું હોય તો મેન્યુફેક્ચરિંગમાં પણ વધુ રાહત આપવી જોઈએ. તો ઝડપથી નક્કી ગોલ તરફ વધી શકાશે. પીએમ સુર્યઘર સોલાર યોજના રૂફટોપ સોલાર માટેની મહત્ત્વની અને મોટી જાહેરાત અગાઉ થઈ છે. દરેક ઘર પર ૩ કિલોવોટમાં સબસિડી અપાઇ રહી છે તે પણ ઉપયોગી છે. એક કરોડથી વધુ ઘરો પર જો લાગી જાય તો નેટ ઝીરો તરફ ઝડપથી જવાશે અને રહીશોના વીજબિલમાં પણ રાહત થશે. માટે આ યોજનામાં વધુ ઝડપ મૂકાવી જોઈએ. રિન્યુએબલ એનર્જીમાં કંપનીઓના કેપ્ટિવ યુઝ માટે ફંડિંગ બેંક તરફથી ઝડપી અને ઓછા વ્યાજ સાથે પુરૂં પડાય તો બિઝનેસમેનો વધુ આકર્ષાશે. કંપનીઓ કેપ્ટિવ પાવર વિન્ડ-સોલાર તરફ જાતે વળી છે ત્યારે આ રાહત જરૂરી છે. ઓફસોર વિન્ડ પ્રોજેક્ટ માટે ૭૪૫૩ કરોડનું વાયબેલિટી ગેફ ફંડ ડિક્લેર કર્યુ છે. તેનાથી ૨ ગીગાવોટના ડેવલપમેન્ટની આશા છે. આપણી પાસે મોટો દરિયાકિનારો છે અને આ દરિયાકાંઠે પીએલએફ પણ ૬૦ ટકા જેટલું છે ત્યારે તેનું નોલેજ લઈ લોકો આગળ વધે. ગુજરાત-તમિલનાડુ માટે જાહેરાત અગાઉ થઈ ચૂકી છે ત્યારે તે ખૂબ જ ઉપયોગી નીવડશે બસ તેમાં સ્પીડ અપાય તેવુ મારૂં માનવું છે. હાલ રિન્યુએબલ એનર્જી સર્ટિફિકેટ અને ગ્લોબલ કાર્બન સર્ટિફિકેટ આપણે મેળવીએ છીએ પરંતુ ગર્વમેન્ટ થોડી નરમાશ લાવે તો લોકો વધારે આકર્ષિત થશે અને કાર્બન એમિશન વધુ ઘટાડીને માનવતા માટે પણ કાર્ય થઈ શકશે. મેન્યુફેક્ચરિંગમાં ઘણી જાહેરાતો અગાઉ થઈ છે પીએલઆઈની સ્કીમ સરકાર લાવશે તો તેને લોકો જરૂર વધવાશે. પ્રોડ્કશન વધવા સાથે સરકાર તેને લિંક કરીને ઈન્સેન્ટિવ આપે તો રિન્યુએબલ ક્ષેત્રે આપણી સ્પીડ વધશે અને બીજા દેશો પરની ડિપેન્ડન્સી ઘટશે એવું કે.પી. ગ્રુપના ચેરમેન એમ.ડી. ડો.ફારૂક પટેલનું માનવું છે.